# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી,
મળી માતૃભાષા મને ગુજરાતી.
રમે અન્ય સખીઓ થકી દેઇ તાળી,
સુધા કર્ણ સીંચે ગુણાળી રસાળી;
કરે બોલતા જે, ભર્યા ભાવ છાતી,
રમો માતૃભાષા મુખે ગુજરાતી.
મળી હેમ આશિષ, નરસિંહ-મીરાં,
થયા પ્રેમભટ્ટ ને અખો ભક્ત ધીરા;

- ઉમાશંકર જોશી.

## પાથેય

- રમેશ ઠક્કર

# મા સમાન માતૃભાષા...

ભાષા એ મનોભાવોનો પહેરવેશ છે.લિપી એ કદાચ અંગરખું છે..કલ્પના કરો કે આપણી વચ્ચે શબ્દોનું હલનચલન ના હોત તો..? ગુટેનબર્ગનું બીબું ભલે નવજાગૃતિકાળ માં શોધાયું પણ એ પહેલાંય લાકડાના બ્લોક બનાવી છપાતાં પુસ્તકો આપણા ગ્રંથાગારોમાં ઉપલબ્ધ છે..વિચાર જન્મે છે..અક્ષર તેની હિફાજત કરે છે...પુસ્તકો એના પહેરેદારો છે..

આપણાં સ્પંદનોને શબ્દો મૂર્ત સ્વરૂપ આપે છે...એ બ્રહ્મ છે એવું આપણી ફિલોસોફી કહે છે..પાટણની પ્રભુતામાં પુસ્તકોનો પણ મહિમા હતો...ગ્રંથ સવારી અને સિધ્ધરાજ જેવા સુવર્ણકાળના શિલ્પી પણ જ્યારે ગ્રંથને ગળે વળગાડતા હોય ત્યારે પુસ્તક એ કેટલી મૂલ્યવાન વિરાસત છે એ સમજાય છે..

શિલાલેખથી આજના ઇન્ટરલેખ સુધીની ભાષાની પ્રલંબ યાત્રા બેમીસાલ છે..આપણી માતૃભાષા ગુજરાતી એક હજાર વર્ષ જુની છે..એ સૌરસેની પ્રાકૃતમાંથી અવતરી છે..જેનું મુળ સંસ્કૃત છે..ભારતની લગભગ તમામ ભાષાઓની જનની સંસ્કૃત છે..એનો ભાષાવૈભવ લખલૂંટ છે.. ગુજરાતી ગુજરાતી તું મોરી મા...

ટાંકણું,કિત્તો,પેન,ઇંડીપેન,બોલપેન કે આજના ડિજીટલ અંકનો સુધી શબ્દની શાહી સવારી નિકળતી રહી છે..આવો માણીએ શબ્દની યાત્રાને...

વસંતપંચમી નજીક હોય ત્યારે હવામાં સુરખી છવાઇ જાય છે ..રાહ જોતી પ્રેમિકા માટે શબ્દ છે અભિસારિકા..એની નાજુકતા માટે શબ્દ છે અતિલોલ..પ્રેમપત્ર માટે મજાનો શબ્દ છે અનંગલેખ.

રાત્રી માટે રજની કે શર્વરી,સમુદ્ર માટે ઉદધિ કે લવણજલ જેવો નાવીન્યસભર શબ્દ..સૂર્ય એટલે દિનકર..પૃથ્વી માટે અવની..પરસેવા માટે અદભુત શબ્દ છે શ્રમજલ..!

કેટલાક શબ્દોની નજાકત મૌલિક હોય છે..જેમકે ભુખ માટે બુભુક્ષા કે ક્ષુધા..લોહી માટે શોણિત..યાદશકિત માટે મેઘા..અંધકાર માટે તમસ કે અવાજ માટે મર્મર..સાબરમતી ને શ્વભ્રમતિ કહેવાય કૂડા કચરા ને અપમર્દ..!

સહેતુક ને હેતુગર્ભ કહેતાં શબ્દચ્છાયા વિસ્તરે છે..લીમડા ને હિમદ્રુમ કહેતાં નવીનતા લાગે છે..અમારા પંથકમાં હોળી માટે હુતાસણી શબ્દ વપરાય છે જે સંસ્કૃત છે !સ્નેહસભર વ્યક્તિને સ્નિગ્ધજન કહેવાય, એની લાગણીને સ્નેહાંકન..પત્રકારત્વ માટે વૃત્તવિવેચન તો રેવન્યુ માટે રાજસ્વ..કૂતરાને ગ્રામ્યમૃગ કહી કાવ્યાત્મકતા કરી છે તો સાપ એટલે ચઃક્ષુશ્રવા..જે આંખથી સાંભળે છે તે..

સંસ્કૃત ભલે દેવોની ભાષા હશે પણ આપણા જેવા મુગ્ધજન માટે પણ એમાં મજા પડે એવું ...ગુજરાતીનો ગરવો વૈભવ પણ કમ નથી..

# મહાન દાતા એવાં સંવેદનશીલ ઈન્દુબહેન સંઘવી: સંપત્તિ સમાજને ચરણે ધરીને જીવન સાર્થક કર્યું

**પહેલું કિરણ**
**રમેશ તન્ના**

આપણી સંપત્તિના આપણે માલિક નથી. આપણે તો છીએ તેના ટ્રસ્ટી. સંપત્તિનું સર્જન કરવું એ કળા છે. નીતિના માર્ગે સંપત્તિનું સર્જન કરવામાં સહેજે ખોટું નથી, પણ પછી એ સંપત્તિના માલિક થઈને બેસી ના રહેવાય. ટ્રસ્ટી બનીને તેની વહેંચણી કરાય. જેની પાસે જરુરિયાત કરતાં વધારાનું છે તે જો સમાજમાં વહેંચી દે તો આ વિશ્વમાં આર્થિક અસમાનતા અને તેને કારણે ઊભા થતા પ્રશ્નોનો ઉકેલ આવી જાય. અને એવા અનેક વીરલા-વીરાંગનાઓ હોય છે. આવાં જ એક છે ઈન્દુબહેન સંઘવી. મૂળ અમરેલીનાં તેમના પિતા નાગરદાસ સંઘવી. તેઓ વેપારી હતા. તેમના કાકા, આહવાભાઈ સ્વાતંત્ર્યસેનાની હતા.

ઈન્દુબહેનને બીજી બે બહેનો. કુલ ત્રણ બહેનો. બે બહેનો પરદેશમાં સ્થાયી થઈ. ઈન્દુબહેને વિશ્વખ્યાત ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સ્ટડીઝમાં ૩૦ વર્ષ પ્રોફેસર તરીકે ફરજ બજાવી. નિવૃત્ત થઈને વતન અમરેલીમાં રહેવા લાગ્યાં. સેવાકીય પ્રવૃત્તિમાં સખાવતો તો પહેલાં પણ આપતાં જ હતાં, પરંતુ એ પછી તેમાં ગતિ આવી. પોતાની સંપત્તિ અને બાપ-દાદા તરફથી મળેલી સંપત્તિ તેમણે સેવાકીય કાર્યોમાં સૂઝપૂર્વક વાપરવા માંડી. આદિવાસી સ્કૂલોને દત્તક લઈને શિક્ષણ માટે તેમણે માતબર રકમ ખર્ચી. જાતે જવાનું. તપાસ કરવાની, જ્યાં જરૂરિયાત હોય ત્યાં ઉદારતાથી રકમ આપવાની. મોળું કે મોડું નહીં પડવાનું. શિક્ષણ-આરોગ્ય તથા અન્ય ક્ષેત્રો તેમણે અત્યાર સુધી કરોડો રુપિયાની સખાવતો આપી છે.

વાત્રક નદીના કિનારે, વાત્રક ગામ પાસે કે.કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ સંચાલિત શ્રીમંત ફતેહસિંહ ગાયકવાડ જનરલ હોસ્પિટલ આવેલી છે. આ હોસ્પિટલમાં અત્યાર સુધી ઈન્દુબહેને ૩.૫૦ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. દર વર્ષે નિયમિત રીતે તેઓ જુદી જુદી પ્રવૃત્તિ માટે દાન આપતાં જ રહે છે. ઈન્દુબહેન એટલે સેવાનો પર્યાય.

ઈન્દુબહેન એટલે સમાજને સ્વસ્થ અને સુખી કરવાની ભાવનાથી જીવતી વ્યક્તિ. ઈન્દુબહેન એટલે સંપૂર્ણ સમર્પણ. ઈન્દુબહેન એટલે માનવતાનું અજવાળું. ઈન્દુબહેન એટલે કરુણાનું સરનામું. ઈન્દુબહેનના જીવનની પ્રેરક અને રસપ્રદ વાતો લખીએ તો એક આખું પુસ્તક થાય.

કુટ્ટીબહેનની, ઈન્દુબહેન સાથેના તેમના ઋણાનુબંધ અને સંબંધની વાત જાણવા જેવી છે.

એક વખત ઈન્દુબહેન બિમાર પડ્યાં. મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં તેમની સારવાર થઈ. એ વખતે તેમની સારવાર કરવા એક વ્યક્તિની જરુર પડી. વાત્રક હોસ્પિટલમાંથી અહીં નર્સ તરીકે ફરજ બજાતાં શ્રીમતી કુટ્ટીબહેને ત્યાં મોકલવામાં આવ્યાં. કુટ્ટીબહેને ઈન્દુબહેનની સરસ રીતે કાળજી લીધી.

બન્નેને એકબીજા સાથે ફાવી ગયું.

કુટ્ટીબહેન પણ ઈન્દુબહેનની જેમ એકલાં જ છે. ઈન્દુબહેને તો લગ્ન જ નથી કર્યાં, કુટ્ટીબહેને લગ્ન કર્યાં હતાં પણ તેમના પતિનું નિધન થયું. બસ, પછી તો આ જોડી જામી ગઈ. ઋણાનુબંધ, પ્રેમ, સંવેદના, કરુણાએ વ્યસ્થા કરી આપી. કુટ્ટીબહેન ઈન્દુબહેન સાથે પડછાયાની જેમ રહે છે. ૨૪ કલાક તેમની કાળજી રાખે છે. પોતાના પછી કુટ્ટીબહેનને તકલીફ ના પડે તેની આગોતરી વ્યવસ્થા ઈન્દુબહેને કરી રાખી છે.

તો આ છે એક રળિયામણો ઋણાનુબંધ.

વાત્રક હોસ્પિટલના ચેરમેન શ્રી પ્રવીણ ક. લહેરી કહે છે કે ગુજરાતની ભૂમિના સંસ્કાર આપવાના છે. આ ભૂમિ ઘસાઈને ઉજળા થનારા લોકોની છે. સમયાંતરે અહીં માનવતાની પ્રવૃત્તિઓનું બળ વધારે તેવા દાતાઓ મળતા જ રહે છે. ઈન્દુબહેન પણ તે પૈકીનાં એક છે. તેમણે ગુજરાતના આદિવાસીઓ-વંચિતો-ગરીબો માટે મોટું કામ કર્યું છે. વાત્રક હોસ્પિટલને પણ તેમણે ઘણી મોટી મદદ કરી છે. તેમની હૂંફથી હજારો દર્દીઓને લાભ થયો છે.





ભગવાન ઈન્દુબહેન સંઘવીને નિરામય દીર્ઘાયુ આપે તેવી પ્રાર્થના કરીએ.

**તુલસી પત્રઃ**

આપણી પાસે જે વધારાનું છે તે સમાજનું છે. જેમ બને તેમ ઝડપથી સમાજને પરત કરીને આપણે આપણી ફરજ પૂરી કરવી જોઈએ.

# ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવન ચલાવવાની શક્તિ ને કળા જે ખીલવે, તે વધુમાં વધુ સુખી થાય

**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

બલ્ખના સુલતાનની જાહોજલાલી એવી હતી કે રોજ રાતે તેમના પલંગ ઉપર સવામણ તાજાં ફૂલોની સેજ બિચાવવામાં આવતી.

ફૂલોની એ સેજ પાથરનાર દાસીને એક દિવસ થયું કે, સુલતાનને આવવાને હજી વાર છે ત્યાં, લાવને થોડીવાર હું સેજ પર સૂઈ જોઉં ! અને પછી પલંગ પર આડી પડતાંનીસાથે જ, દૈવયોગે, તેને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. થોડી વાર પછી સુલતાન શયનખંડમાં આવ્યા... ત્યાં પોતાની પથારી પર દાસીને સૂતેલી જોઈને એમના ક્રોધનો પાર ન રહ્યો. કોરડો લઈને એમણે દાસીના દેહ પર બે ચાર ફટકા લગાવ્યા.

રડતી ને કાંપતી દાસી તરત જ પલંગ પરથી ઊતરી ગઈ અને પછી રડતાં રડતાં એકદમ હસી પડી. તેનું આવું વિચિત્ર વર્તન જોઈને સુલતાનનો ગુસ્સો જરા ઠંડો પડ્યો, અને એમણે પૂછ્યું, 'તું આમ અચાનક હસી કેમ પડી ?'

દાસીએ નરમાશથી કહ્યું, 'જહાંપનાહ, મને હસવું તો એમ વિચાર કરતાં આવ્યું કે હું બે ઘડી આ ફૂલોની પથારીમાં સૂતી હઈશ, ત્યાં કોરડાના બે-ચાર ફટકા ખાવાનું મારા નસીબમાં આવ્યું. પરંતુ આપ નામદાર તો રોજ આખી રાત આ સેજ પર સૂવો છો, તો ખુદા પાક આપને એની કોણ જાણે કેવીય સજા કરશે ? - બસ, એ જ વિચારથી મને હસવું આવી ગયું !'

આ નાનકડી એવી વાર્તા આપણને બે બાબતો સૂચવી જાય છે : એક તો એ કે તમને જે કંઈ મળે છે તેનું તમારે મૂલ્ય ચૂકવવું જ પડે છે. કહ્યું છે કે કે “With great power comes great responsbilities.' પર સૂવો છો, તો ખુદા પાક આપને એની કોણ જાણે કેવીય સજા કરશે ? - બસ, એ જ વિચારથી મને હસવું આવી ગયું !'

આ નાનકડી એવી વાર્તા આપણને બે બાબતો સૂચવી great responsbilities.' ઉત્તમ વસ્તુ જયારે અધિકાર વિના પ્રાપ્ત થાય ત્યારે અચાનક છીનવાઈ જાય છે અને તેના માઠા પરિણામો પણ ભોગવવા પડે છે. માટે કંઈ પણ પ્રાપ્ત કરવા માટે કાં તો એ માટેની લાયકાત કેળવીએ અથવા એ અનાયાસ મળી જાય તો તેને યોગ્ય બનવા પ્રયત્નશીલ બનીએ તો જ તેને ટકાવી શકાય ?

આપણે જયારે અન્યને આપણાથી વધુ ખુશ, સંતુષ્ટ કે સફળ બનતા જોઈએ છીએ ત્યારે આપણને તેની પાછળ રહેલી આ વેદના કે સંઘર્ષની જાણ નથી હોતી. આજકાલ બહારથી બધુ જ સુંદર અને બરાબર ચાલતું હોય તેમ દર્શાવવાનો Trend છે. તકલીફ દરેકને વત્તે-ઓછે અંશે હોય જ છે પણ પ્રકાર અલગ અલગ હોય. જેમ વધુ સત્તા એમ વધુ જવાબદારી અને એટલો જ વધારે સ્ટ્રેશ. સાયક્યાટ્રીસ્ટ પાસે જવાનું આજે પણ આપણા દેશમાં ક્ષોભજનક ગણાય છે. ખાસ કરીને સુખી-સંપન્ન અને પ્રતિષ્ઠિત લોકો આ પ્રકારની કોઈ સારવાર લે તો પણ તે છુપાવીને લેતા હોય છે. છાના ખૂણે અનેક પ્રકારની વેદના ભોગવતા લોકો દંભપૂર્વક પોતાની સાચી પરિસ્થિતિ અન્ય લોકો સુધી પહોંચવા દેતા નથી. આમ જોવા જઈએ તો પોતાની અંગત બાબતને જાહેર કરવી કે ન કરવી એ દરેકની વ્યક્તિગત પસંદગી છે. પણ પ્રશ્ન ત્યારે ઉદ્ભવે જયારે ખૂબ ખુશ કે સંતુષ્ટ લાગતી વ્યક્તિ અચાનક પોતાનું જીવન ટૂંકાવી દે અથવા ડ્રગ્સ કે અન્ય નશીલા પદાર્થોનું સેવન કરતું થાય તે પ્રકારની વાત બહાર આવે. આજની પેઢીને બધું જ 'instant' જોઈએ. સફળતા, સિદ્ધિ અને લાઈમલાઈટમાં રહેવું તેમને અતિપ્રિય છે. પણ ઘણીવાર એના ખૂબ ભયંકર પરિણામો ભોગવવાનો વારો આવે ત્યારે તેમને હકીકતનું ભાન થાય છે અને ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હોય છે.

સંબંધ હોય કે જીવન જેટલું સરળ અને સ્પષ્ટ હોય એટલી તકલીફ ઓછી થાય. કેટલી બધી સારી વસ્તુઓ પૈસા વડે ખરીદી શકાતી નથી - અને એ જીવનની સારામાં સારી વસ્તુઓ હોય છે. કેટલાં બધાં અનિષ્ટોને પૈસા દૂર કરી શકતો નથી. અને એ જિંદગીમાં સહુથી વધુ ખરાબ અનિષ્ટો હોય છે. વ્યક્તિ પાસે કંઈ જ ન હોય ત્યારે સૌ પ્રથમ એ પૈસા કમાવવા માટે મહેનત કરે છે. એનું પ્રથમ ધ્યેય વધુમાં વધુ આર્થિક સધ્ધર બનવાનું હોય છે. એ માટે કરવા પડતા તમામ પ્રયત્નો એ કરે છે. કયારેક સકારાત્મક તો કયારેક નકારાત્મક રીતે તે પોતાના લક્ષ્ય સુધી પહોંચવાની કોશિષ કરે છે. ત્યારબાદ એક એવો સમય આવી જાય છે કે જયારે તેણે આ બધું હાંસલ કરી લીધું હોય છે. આ બધું ત્યારબાદ બીજો પડાવ આવે છે પ્રતિષ્ઠિત હોવાનો પોતની પાસે પૈસાથી મેળવેલી તમામ વસ્તીઓને પ્રદર્શિત કરીને તે પ્રસિદ્ધ બનવા માટે પૈસાથી મેળવેલી તમામ વસ્તીઓને પ્રદર્શિત કરીને તે પ્રસિદ્ધ બનવા માટે ઝંખે છે. પણ અંતિમ તબક્કે જયારે પૈસો અને પ્રતિષ્ઠા બંને મેળવ્યા પછી એ એક એવી પરિસ્થિતિમાં આવી જાય છે કે તેને પોતાની આસપાસના તમામ સંબંધો પોકળ, બોદા અને ખોટા લાગવા લાગે છે. કવિશ્રી સુરેશ દલાલ લખે છે તેમ,

“મળ્યું આભ, ને મળી આંખ નહિ;
ચરણ મળ્યા : નહિ ધરતી.'

વ્યક્તિ જયારે પદ, પ્રતિષ્ઠા અને સમૃદ્ધિ બધું જ મેળવી લે ત્યારે તેના જીવનનો એક એવો તબક્કો આવે છે. જયાં તે પોતાની જાત સાથે વધુ અને અન્ય દુન્યવી સંબંધોથી દૂર જવા ઈચ્છે છે. પહેલા પોતાની તમામ વાતો દ્વારા પ્રસિદ્ધિ મેળવવા અને lime light માં રહેવા ઈચ્છતી વ્યક્તિ આજે privacy માટે છે. તેને એકાંત ગમવા લાગે છે. તે સંબંધોથી ભાગવા ચાહે છે. તેને માત્ર સાવ અંગત એવા બે-ચાર સંબંધો સિવાય કશામાં રસ રહેતો નથી. શ્રી વજુભાઈ શાહ લખે છે તે બાબત હવે તેને સમજાયા છે કે,

“ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવન ચલાવવાની શક્તિને કળા જે ખીલવે, તે વધુમાં વધુ સુખી થાય. વધુમાં વધુ સ્વતંત્રતા અને ખુમારી જાળવી શકે. જરૂરિયાત જેમ વધારે, તેમ પરાક્રમ કરવાની શક્તિ હણાતી જાય.'' હવે ખરા અર્થમાં તેને જીવન સમજાય છે. શું મળવ્યું અને શું ગુમાવ્યું એ તમામથી પર બનીને તે જિંદગીને સ્થિર રહીને માણતા શીખી જાય છે. આ અવસ્થા એ જીવનની સર્વશ્રેષ્ઠ અવસ્થા છે.

Last Seen :

'પ્રતિષ્ઠા' એટલે જગતમાં સ્ત્રી-પુરુષો આપણે વિશે શું ધારે છે તે; 'ચારિત્ર્ય' એટલે ઈશ્વર અને આપણે પોતે આપણા વિશે જે જોઈએ તે - જાણીએ છીએ તે.

nehalgadhavi101@gmail.com

# સહકારી મંડળીઓના કાયદામાં ૨૦૨૩માં સુધારા થશે

**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

કો. ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી તથા સહકારી મંડળીનાં કાયદા ૧૯૦૪ તથા ૧૯૧૨માં ગુજરાત સરકારે જરૂરી સુધારા કરવાની તજવીજ હાથ કરતા હવેથી કો.ઓપરેટીવનાં કાયદામાં નવા સુધારા કરવા માટે દરેક રાજયોને નવા સુધારા અંગેનો ડ્રાફ્ટ કેન્દ્ર સરકારે મોકલી આપેલ છે, જેમાં સુધારા પછી મોડેલ એકટ બનાવવામાં આવશે.

ગુજરાત રાજય સહિત દેશમાં કૃષિ સરકારી મંડળોઓને આર્થિક રીતે સક્ષમ બનાવવા તથા વિકાસમાં વેગ લાવવા માટે તેમજ સરકારી મંડળીઓ વર્તમાન પરિસ્થિતિ મુજબ નવી સમય "માણે જરૂરી હોય તેવી "વૃત્તિઓ હાથ ધરી આધુનિક યુગ સાથે મિલાવી કાર્ય કરી શકે તે માટે મંડળીનાં નવા સુધારા આવશ્યક છે.

દેશમાં ૯૫,૦૦૦ જેટલી મંડળીઓ કાર્યરત છે. ગ્રામિણ ક્ષેત્રનું મોટા ભાગનું કામકાજ આર્થિક ગતિવિધિઓ સરકારી ક્ષેત્રથી જ જીવંત અને કાર્યશીલ છે. રાજયોની સરકારી ક્ષેત્રનું કામકામ નાબાર્ડ નાં અધિકારક્ષેત્રમાં આવે છે. નાબાર્ડ દ્વારા ૨૪ સહકારી બેન્કો અને ૩૫૨ જીલ્લ મધ્યસ્થ બેન્કો દ્વારા રિફાયનાન્સ કરાય છે. મંડળીઓનાં ૧૩.૧૨ કરોડ જેટલા ખેડૂત સભ્યને ટૂંકા અને લાંબા ગાળાનાં ધિરાણો સહકારી મંડળી/બેન્કો દ્વારા આપવામાં આવે છે. જેમાં ખેતી બેન્કની ભૂમિકા મહત્વની છે.

સહકારી "વૃત્તિને ઈન્ડીયન કંપની એકટ, ૧૮૮૨માં સમાવેશ કરવામાં આવ્યો નથી. સહકારી મંડળીઓને કંપની એકટનાં નિયમો લાગૂ પડતા નથી.

દેશનાં સહકારી કાયદાઓ ૧૯૦૪ તથા ૧૯૧૨ બાદ જરૂરી સુધારા વધારા કરવા સમયની માંગ છે. રાજય સરકારી બેન્કો, નેશનલ કાઉન્સીલ ફોર કો.ઓ. ટ્રેનિંગ વગેરેની એક સમિતિ ની રચના કેન્દ્રીય સહકારીતા મંત્રાલયે કરી છે. આ સમિતિએ મોડેલ નિયમો, કાયદામાં જરૂરી ફેરફારો વગેરેનો એક ડ્રાફ્ટ બનાવી દરેક રાજયોને મોકલી આપેલ છે. જેમાં રાજયોનાં અભિયાન બાદ મોડેલ ડ્રાફ્ટથી નવા નિયમો કાયદામાં ફેરફાર કરવામાં આવશે. જેથી દેશની સહકારી "વૃત્તિને નવો પ્રાણ પુરાશે, વેગવંતી બનશે. ખેડૂતો મધ્યમવર્ગ નાના ખેડૂતો ને ધિરાણ, પાક વિમો, લોનો સત્વરે મળી શકશે. સહકારી મંડળીઓ હાલમાં ૨૫ "કારની કૃષિ બિનકૃષિ ધિરાણ-બિન ધિરાણ ક્ષેત્રની કામગીરી કરી શકશે. મરઘા પાલન, મત્સ ઉદ્યોગ, પશુ પાલન વ્યવસાય, વેર હાઉસ, ગ્રીન હાઉસ જેવી પ્રવૃત્તિઓ માટે ખેડૂતો જમીનદારો ધિરાણ મેળવશે. જેનાથી કૃષિ ઉદ્યોગ વેગવંતુ બનશે. દેશનાં આર્થિક વિકાસમાં વૃધ્ધિ થશે. જંતુ નાશકનું વિતરણ, બિયારણનું વિતરણ, ખેતીનાં સાધનોનું ધિરાણ, મધમાખી ઉછેર, ઘેટા-બકરા-ડુર ઉછેર, રેશમ ઉત્પાદન, દૂધ ઉત્પાદનથી કૃષિ ઉત્પાદનો પેકેજીંગ, બ્રાન્ડિંગ અને માર્કેટીંગમાં વૃધ્ધિ થશે. ખેડૂતો તથા ખેતી આધારીત ઉત્પાદકોમાં વૃધ્ધિ થશે. જેનો લાભ જનસમૂદાયને મળતા હોસ્પિટલો, શિક્ષણ, વ્યાજબી ભાવની દૂકાનો, એલ.પી.જી. પેદાશ, ડિલરશીપ, બેન્ક મિત્ર વ્યાપાર, પત્ર વ્યવહાર, વિમા સુરક્ષા, સામાન્ય સુવા કેન્દ્ર વગેરે "કારની સુવિધામાં વધારો થશે તેથી રોજગારીની નવી તકો ઉભી કરવામાં આવતા આર્થિક વૃધ્ધિ દરમાં ગ્રામીણથી સરકારી પ્રવૃત્તિથી દેશનાં વિકાસમાં ગતિ આવશે.

લોન પોર્ટફોલિયોમાં વૈવિધ્ય આવશે તેમજ મોડલ પેટા નિયમોમાં સમગ્ર રાજયોમાંથી શ્રે"ઠ "થાથી કાયદાકીય વહીવટી માળખાને જરૂરી જોગવાઈઓથી મંડળીઓના કાર્યક્ષેત્રમાં વધારો થશે. ઉત્પાદકોને મોટું બજાર મળશે. લાંબાગાળાની લોન, ટૂંકાગાળાની લોન કૃ"િ ધિરાણ, વ્યવસાય ધિરાણની સુવાઓમાં વિસ્તરણ કરવામાં આવશે. મંડળીની સામાન્ય સભાનાં નિયમો, ઓડિટનાં નિયમો, વ્યવસ્થાનાં નિયમો ઘડવાથી વહીવટમાં પારદર્શિતા આવતા ખોટ કરતી મંડળીઓમાં આવકનાં સ્રોતમાં વૃધ્ધિ થશે. સામાન્ય જનતાનો મંડળી તરફે વિશ્વાસમાં વધારો થશે. તેથી સુશાસન વ્યવહાર વ્યવસાયિક કામગીરી અને કાર્યક્ષેત્ર બને તેવા નિયમો ઘડવામાં આવશે. સીંગલ વિન્ડો સીસ્ટમ દાખલ કરવામાં ડેટા બેઝ તૈયાર કરવામાં આવતા ઓનલાઈન પ્રક્રીયા સરળતાથી સભાસદોને લાભ મળે તેવા ઉમદા હેતુઓથી કાર્યરીતિ અનુસરવામાં આવતા સહકારી પ્રવૃત્તિઓ વેગવંતી બનતા કૃષિ સહકારી મંડળીઓને બિનકૃષિ અને ધિરાણ મંડળીઓને બિન ધિરાણ પ્રવૃત્તિઓમાં પણ સભાસદ પોતાનું પદાર્પણ કરી શકે તે માટે સુધારાઓ અમલમાં આવતા નવો કાયદો આગામી સત્રમાં ઘડી તેનો અમલ કરવામાં આવતા રાજયોની સહકારી પ્રવૃત્તિઓ વેગવંતી બનતા આર્થિક વૃધ્ધિ દરમાં વધારો થશે તથા દેશનાં વિકાસમાં સહકારી માળખાની એક નવો આયામ મળશે. અત્યાર સુધી નવા કાયદા ઘડવા માટે ૧૫૦૦ થી વધારે સૂચના સહકારી ખાતાને મળેલ છે. જેનો આગામી દિવસોમાં અમલ કરાવવામાં આવશે. જેનાંથી સહકારી ક્ષેત્રે નવીન ક્રાંતિ આવશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in